# મોડાસામાં ટ્રાફિક સમસ્યા દૂર કરવા તંત્રની સર્જીકલ સ્ટ્રાઈક

મોડાસા, તા. ૧૮

મોડાસા નગરને અરવલ્લી જિલ્લાનો દરજ્જો જ્યારથી મળ્યો મુખ્ય માર્ગો પર વાહનચાલકો અને પ્રજાજનોને નડતરરૂપ શાકભાજીની લારીઓવાળા અને ફૂટપાથીયાઓ હતા. શાકભાજીના લારીવાળા અને પોલીસતંત્ર વચ્ચે સામાન્ય બોલાચાલી થતા લોકોના ટોળા ઉમટી ઠેરઠેર જોવા મળતી હોય છે.

મોડાસામાં ટ્રાફિકની સમસ્યા માટે મહદઅંશે જવાબદાર મોડાસાની મુલાકાતે આવતા હોય છે ત્યારે મુખ્યમાર્ગ પરની સાઈડમાં આડેધડ વાહનોનું પાર્કીંગ કરી દેતા કામગીરી હાથ ધરે છે ત્યાર બાદ શહેરની સ્થિતિ ટ્રાફિક અંગે જ્યાં અને ત્યાં જ જોવા મળે છે. શુક્રવારે મોડાસા પાલિકા તંત્ર અને મોડાસા ટાઉન પોલીસ દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરી શાકભાજીની લારીઓવાળા ખડકાયેલા બોર્ડ હટાવી લઈ ટ્રેક્ટરમાં નાખી દીધા હતા. બસસ્ટેન્ડ નજીક શાકભાજીની લારીઓવાળા









છે ત્યારથી મોડાસાના વહીવટીતંત્ર અને પોલીસતંત્ર માટે ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન બની રહી છે. શુક્રવારે મોડાસા નગરપાલિકા તંત્ર અને મોડાસા ટાઉન પોલીસ દ્વારા ટ્રાફિકની સમસ્યા દૂર કરવા અને તેમજ આડેધડ પાર્કીંગ કરી ટ્રાફિકની સમસ્યા સર્જતા લોકો પર સર્જીકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. મુખ્યમાર્ગ પરથી શાકભાજીની લારીઓવાળા અને ફૂટપાથીયાઓને ખડેદી મુકતા માર્ગો પહોળા બન્યા પડ્યા હતા. મોડાસા ટાઉન પોલીસમાં નવા નિમણુંક પામતા પોલીસ અધિકારીઓ દ્વારા શરૂઆતમાં ટ્રાફિક નિયમન માટે કડક કાર્યવાહિ હાથ ધરતા અને સમયાંતરે ટ્રાફિકની પરિસ્થિતિ લારીઓવાળા, ફેરીયાઓ અને નાનુ મોટુ પેટિયુ રળી ખાતા વેપારીઓ રોડ ઉપર ઉભા રહીને તેમનું જીવનનિર્વાહ ચલાવતા હોય છે. બીજી બાજુ મુખ્ય માર્ગોની સાઈડ પર નાના-મોટા વાહનચાલકો તેમના કામકાજ અર્થે હોવાથી મોડાસાના માર્ગો પર ટ્રાફિક સમસ્યા વારંવાર સર્જાય છે. મોડાસા નગર ટ્રાફિકથી પીડાઈ રહ્યુ છે. નગરપાલિકાતંત્ર અને પોલીસ તંત્ર દ્વારા તેમને યોગ્ય જણાય ત્યારે જ ટ્રાફિકની સમસ્યા દૂર કરવા શહેરના બસસ્ટેન્ડ વિસ્તારથી ચાર રસ્તા સુધીના મુખ્યમાર્ગ પર અડીંગો જમાવી શાકભાજી અને ફ્રુટની લારીઓવાળાના ટ્રાફિક તેમજ ફૂટપાથીયાઓ દ્વારા કરાતા ટ્રાફિકની સમસ્યા દૂર કરવા મોડાસા નગર અને ફૂટપાથીયાઓને ખડેદી મુકતા શહેરના માર્ગો ખુલ્લા બનતા પ્રજાજનો અને વાહનચાલકોમાં આનંદ છવાયો હતો. પોલીસતંત્ર અને નગરપાલિકાતંત્ર દ્વારા મુખ્યમાર્ગ પર દુકાનમાલિકો દ્વારા જાહેરાતના અને પોલીસતંત્ર વચ્ચે બોલાચાલી થતા પોલીસતંત્ર દ્વારા સૂચના આપી શનિવારથી મુખ્યમાર્ગો પર શાકભાજી લારીઓવાળાને ઉભા ન રહેવા સ્પષ્ટ પણે જણાવી દેવામાં આવ્યું હતું.





### હિમતનગરમાં જાદુગરનો શો ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને લઈને ખાલીખમ

હાલમાં ૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટો બંધ થવાને લઈને હવે કલાના શો કરીને ગુજરાન કરનારાઓ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે,લોકો હવે મનોરંજન ના બદલે છુટ્ટી નોટો થી જીવનજરુરીયાત ચીજોને પહેલી પંસદ સ્વાભાવીક હોઈ મનોરંજનના શો કરનારા હાલ પ્રેક્ષકો વિના મુશ્કેલીમાં મુકાઈ ગયા છે

## માલપુરના અણીયોર ગામમાં દેના બેંક એટીએમ છેલ્લા ત્રણ દિવસથી બંધ રહેતા ગ્રામજનો પરેશાન

### બેંક મેનેજર પાસેથી લોકોને સંતોષકારક જવાબ ન મળતા લોકોમાં ભારે રોષ

મોડાસા, તા. ૧૮

કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બંધ કર્યા પછી ત્રીજા દિવસથી બેંકોમાં જૂની નોટો બદલીને નવી નોટો લેવા માટે લોકોની ભારે ભીડ જામેલી દેખાય છે. ત્યારે માલપુર તાલુકાના અંતરિયાળ ગામ અણીયોરમાં આવેલ દેનાબેંકનું એટીએમ છેલ્લા ત્રણ દિવસથી બંધ રહેતા ત્યાં આવતા બેંકના ગ્રાહકો ધક્કો ખાઈને પાછા જાય છે અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

રોજિંદા જીવન અને વેપાર-ધંધામાં લોકોને પૈસા વગર કેટલીક તકલીફ પડી રહી છે તે હાલ મોડાસા સહિત જિલ્લામાં આવેલ તમામ બેંકો અને એટીએમ ઉપર લાગેલી લોકોની ભીડથી સમજાઈ જાય છે. સરકાર દ્વારા બંધ કરાયેલ ચલણી નોટોને બદલવા અને સામે નવી નોટો મેળવવા માટે લોકો કલાકો સુધી બેંકોની આગળ ઉભા રહીને આ નોટો બદલી અને પોતાની પાસે રહેલા નાણા બેંક ખાતામાં જમા કરાવે છે. શહેરોમાં તો જુદી જુદી બેંકોની કેટલીય શાખાઓ કાર્યરત હોવાથી લોકોને ઓછી મુશ્કેલી વેઠવી પડે છે પરંતુ તાલુકા મથકોના અંતરિયાળ ગામોમાં એક કે બે બેંક હોય અને જો એમાય પણ તે બેંકોના એટીએમ બંધ રહેતા હોય તો લોકોની શી વલેહ થાય ?

અહીં વાત છે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામની જ્યાં દેનાબેંકની રહેવાનું કારણ બેંકના મેનેજરને લોકો પૂછે ત્યારે મેનેજર દ્વારા સંતોષકારક જવાબ ન મળતા અને પોતાની




બેંક દ્વારા મુકવામાં આવેલ એટીએમ મશીન છેલ્લા ત્રણ દિવસથી બંધ છે અને બેંકનો ગ્રાહક પોતાના ખાતામાંથી નોટો ઉપાડવા માટે અહીં આવે એટીએમ મશીન બંધ જોઈ પાછા જતા રહે. એટીએમ બંધ મનમાની કરતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બેંક દ્વારા એટીએમ મશીન ચાલુ કરાવાય અને લોકોને ચલણી નોટો બદલવામાં સગવડતા ઉભી કરાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# પાલનપુરમાંથી સેક્સ રેકેટ ઝડપાયું

### બનાસકાંઠાના પાલનપુરના પાલનપુર ડીસા હાઇવે પર આવેલી લાડબી નદી વિસ્તારમાથી પાલનપુર પોલીસે આ વિસ્તારમા ચાલતા સેક્સ રેકેટનો પરદાફાસ કર્યો છે, જેમા પોલીસે ૯ ગ્રાહકો અને ૨ મહિલા સંચાલકોની અટકાયત કરી છે

પાલનપુર ના લાડબી નદી વિસ્તાર મા ચાલતા દેહ વ્યાપાર ના ચાલતા ધંધા પર પાલનપુર સી પી આઈ અને પી આઈ ની ટિમો એ લડબી નદી વિસ્તાર અને સ્વાગત સોસાયટી મા ૨ મકાનો મા રેડ કરતા ગણા સમય થી ચાલતું ફૂટણ ખાનું ઝડપાયું હતુ પોલિસ ની ૨ જગ્યાએ રેડ દરમ્યાન દેહ વ્યાપાર સાથે સંકળાયેલા મહિલા સંચાલક (૧)અલકા બેન મગન ભાઈ સરાનીયા(૨)રમિબેન માલાભાઈ સરાનીયા સહીત ૪ દલાલો (૧)સુરેશ ભાઈ બાબુ ભાઈ ચૌવ્હાણ(૨)ખૂમા ભાઈ કાંતિભાઈ ચૌવ્હાણ(૩)મેહુલ ભાઈ રમેશ ભાઈ સરાનીયા(૪)મનીષ ભાઈ અશોક ભાઈ ચૌવ્હાણ સહીત ગ્રાહક સાથે સંકળાયેલા ૧૧ ની ધરપકડ પાલનપુર પોલીસે કરી હતી જ્યારે નો ધંધો ચલાવાય છે જો કે બનાસકાંઠા ડીંફ્ટહ નીરજ બડગુજર

### પાલનપુરમાંથી કુટણખાનું ઝડપાયું, દલાલ સહીત ૧૫ની અટકાયત

પાલનપુર શહેરમાં પચિમ પોલીસની હદ વિસ્તાર માં બે અલગ અલગ સ્થળે થી કુટણખાનું ઝડપાયું છે પાલનપુર ડીસા હાઈવે પર આવેલ સ્વાગત સોસાયટીમાં માલિકના મકાનમાં વાડિયાની રમી સરાણિયા તેમજ લડબી નદી નજીક વાડિયાની અલકા સરાણિયા ભાડેથી મહિલાઓ બોલાવી વાડિયાના દલાલો મારફતે છેલ્લા કેટલાય સમય દેહ વેપાર નો ગોરખ ધંધો ચાલતો હતો જો કે જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર ને મળેલી ફરિયાદના આધારે પચિમ પોલીસ ને સૂચના આપતા ગત મોડી રાત્રે એક સાથે પોલીસે બે ટીમો બનાવી ઓચિંતી રેડપાડી હતી જેમાં પોલીસ ને મોટી સફળતા મળી હતી જેમાં પોલીસે દેહ વેપાર સાથે જોડાયેલી ૬ યુવતીઓ ને છોડવામાં આવી હતી તેમજ દેહ વેપાર ચલાવતી ત્રણ મહિલા દલાલ, સાત પુરુષ દલાલો સહિત પાંચ ગ્રાહકો અટકાયત કરી કાયેદસર ની કાર્યવાહી હાથધરી હતી અગાઉ પણ પોલીસ અનેક વાર આ વિસ્તાર માં દેહ વેપાર ના મામલે અનેક વાર રેડ પાડી ચુકી છે જો કે સ્થાનિક પોલીસ પણ આ બાબત થી અજાણ પણ નથી. પરંતુ સમાજ જીવન માં બદનામ કરતા દેહ વેપારના દુષણ ને બંધ કરવા માટે જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર એ પોલીસ ને કડક સૂચના આપી હોવાનું મીડિયા ને માહિતી આપી હતી.



તરીકે આવેલા ૫ યુવકો મા (૧)નિખિલ શંકરલાલ ચૌધરી રહે.દધિયાળ તા.વિસનગર જી.મહેસાણા(૨)મૌલિક ગણેશ ભાઈ ચૌધરી રહે. વરસડા તા.વડગામ (૩)મોતી ભાઈ વાલુ ભાઈ ભૂતડિયા રહે.લુણવા તા. પાલનપુર(૪)સુરેશ કાનજી ભાઈ ચૌધરી રહે.લુણવા તા.પાલનપુર (૫)અસરફ હમિદ ભાઈ મુસલમાન સહીત કુલ આ વ્યાપાર આ ધંધા મા ભોગ બનનાર ૭ સ્ત્રીઓ ને પોલીસે મુકત કરાવી હતી પાલનપુર પોલીસે આ સેક્સ રેકેટ સાથે સંડોવાયેલા ૧૧ સામે ઈમોરલ ટ્રાફિક એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા નું વાડિયા ગામ દેહ વ્યાપાર માટે બદનામ છે અને વાડિયા ના કેટલાંક લોકો દ્વારા પાલનપુર ના હાઈવે વિસ્તારો મા વસવાટ કરી દેહ વ્યાપાર એ આ મામલા ને ગંભીરતા થી લઈ પાલનપુર ના લડબી વિસ્તાર અને સ્વાગત સોસાયટી મા એક સાથે ૨ મકાનો મા રેડ કરાવતા આ સેક્સ રેકેટ નો પરદાફાસ થયો હતો હાલ તૌ પાલનપુર પચીમ પોલીસે ગુણો દાખલ કરી આરોપી ઓ ની તપાસ હાથ ધરી છે આરોપી ઓ ની પુસપરસ મા આ મામલે કોણ કોણ સનડોવાયેલું છે એ પોલિસ તપાસ મા બહાર આવસે.

## પોશીનામાં મહિલાઓને આરબીઆઈના જનરલ મેનેજરે માર્ગદર્શન આપ્યું

સાબરકાંઠા જીલ્લાના પોશીના વિસ્તારમાં ગુરુવારે આરબીઆઈના જનરલ મેનેજર સહીતના અધિકારીઓએ ૫૦૦ અને ૧૦૦૦ ની નોટો બંધ કરવાને લઈને મુલાકાત લઈને સ્થિતિ જાણવા અને તેને સુધારો કરવાનો પ્રયાસ હાથ ધર્યો હતો જે અંગેનો રાજ્યમાં પ્રથમ વાર સેમીનાર યોજાયો હતો જેમાં ઉપસ્થિત મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું.

હાલમાં ચલણી નોટો પૈકીની ૫૦૦ ?ને ૧૦૦૦ ની નોટો બંધ કરવાને લઈને દેશભરમાં તેની અસર જોવા મળી રહી છે કે લોકો કાંતો લાઈન લગાવી બેઠા છે કાંતો ચલણી નોટોને લઈને અસંમંજસ ભરી સ્થિતિ છે. આ પરિસ્થિતિને લઈને જ ગુજરાતના અંતરીયાળ વિસ્તાર એવા પોશીના વિસ્તારમાં હાલમાં ચલણી નોટોને લઈને લોકોમાં કેવી સ્થીતી છે અને તેઓને કેવી મુશ્કેલી પડી રહી છે તે જાણવા માટે રીઝર્વ બેંકના જનરલ મેનેજર ડો કુલદીપસિંઘ અને તેમના અધીકારીઓએ મુલાકાત લીધી હતી તો સાથે જ લોકો સાથે તેઓએ સેમીનાર યોજ્યો હતો અને ચલણી નોટો બંધ થવા અને સરકાર દ્વારા બેંકોમાં ખાતા જનધન યોજના મારફતે ખોલાવવા અંગે ની પણ સમજણ પુરૂ પાડી હતી.તો વળી સરકારે જનધન યોજના મારફતે ગરીબોના ખાતા તો ખોલ્યા હતા પરંતુ ગરીબોને ૧૨ રૂપીયાના દરે મળતી પ્રધાનમંત્રી વિમા યોજનનાનો લાભ પુરતા પ્રમાણમાં મળ્યો નથી.આમ વિમા યોજનાની મોટી જાહેરાતો બાદ પણ બેંકો અને તંત્ર દ્વારા વડાપ્રધાન મોદીની યોજનાને રીમોટ એરીયામાં અસરકારક રીતે પહોંચાડી શકાઈ હતી.

## ડાંગરની ખરીદી બાબતે ખેડૂતોએ રાજ્યકક્ષાના દ્વાર ખટખટાવ્યા

તલોદ, તા. ૧૮

તલોદ માર્કેટયાર્ડ ગુજરાત રાજ્યમાં બિજા નંબરથી પ્રસિદ્ધ છે. સાચો તોલ અને રોકડા નાણાંથી દૂરદૂરથી ખેડૂતો હજારો બોરી અનાજ તલોદ માર્કેટમાં વેચાણ માટે લાવે છે. જેથી તલોદ માર્કેટ યાર્ડ અનાજોથી ધમધમી ઉઠ્યું છે. તલોદ ગામના પ્રતિનિધિ દશરથ વણજારા જણાવે છે કે છેલ્લા એક માસથી સરકાર દ્વારા ટેકાના ભાવથી ડાંગરની ખરીદી કરવા રાજ્યની તમામ સરકારી ગોડાઉનોમાં આદેશ અપાયા છે. ત્યારે તલોદમાં સરકાર દ્વારા જાણે કે રોક લગાવ્યો હોય તેમ એકપણ બોરીની ખરીદી કરાઈ નથી. માર્કેટયાર્ડ દ્વારા પ્રેમ્ફલેટો છપાવીને ઠેર ઠેર જાહેરાતો પણ કરાઈ છે. જેના કારણે ખેડૂતો હજારો બોરી ડાંગર માર્કેટમાં હરાજીમાં મુકી સારાભાવની અપેક્ષા રાખે છે. આ માલ તલોદના વેપારીઓ મનમાન્યા ભાવથી ખરીદી કરી ખેડૂતોને ખુલ્લેઆમ લુંટી રહ્યાં છે.

દેશના પ્રધાનમંત્રી ખેડૂતોને જીવંત રાખવા પાક માટેનું વિમાકવચ, ખેતી માટે ઓછા વ્યાજે સરળતાથી લોન, સબસીડી, ચેક દ્વારા બિયારણ, ખેતીની જમીન અંગે સ્ટેમ્પડ્યુટી જેવી અનેક યોજનાઓ ઘડી ખેતપેદાશોને સદ્ધરતા આપી છે. જેને કૃષિ વિભાગ દ્વારા પણ ટેકનોલોજીથી ખેતી કરવા કરોડોના નાણા ખર્ચ કરવામાં આવે છે. ત્યારે સરકારી તંત્રે હાલની સિજન પ્રમાણે આવતી હજારો બોરી ડાંગરની માંગ જાણે કે રોક લગાવ્યો છે. તનતોડ મહેનત કરી મોટો ખર્ચ અને બિયારણોથી ઉછેર કરી બજારોમાં લવાતા ડાંગરના પાકના વેચાણમાં મોટુ નુકશાન ખેડૂતો ભોગવી રહ્યા છે. તલોદમાં ધમધમતા માર્કેટયાર્ડમાં સરકારી કે ગુજકોમાસોલ દ્વારા ટેકાના ભાવ નહિ મળતા કેટલાક ખેડૂતોએ રાજ્યના કૃષિ મંત્રાલયના દ્વાર ખખડાવ્યા છે. અને પોતાની ઉપજોનો સારો ભાવ મેળવવા નિવેદનો રજુ કરાયા હોવાનું જાણવા મળેલ છે.





જાકમ જોળ ભરી આ સવારી અને શોળે શણગારે સજેલી આ લાડી અને તેની સાથે જોડાયેલા આ વરઘોડિયા આ બધાના સરવાળે લગ્નની ઉજવણી તો દેખાઈ આવે છે પરંતુ સજ ધજ અને આ રોશનીભરી બગી વચ્ચે પણ નોટોના વરસાદની કમીનો ચહેરા પર નિરુત્સાહ બેન્ડના તાલ વચ્ચે જરૂર દેખાઈ આવે છે.આમ તો લગ્નસરામાં વરઘોડો નીકળે એટલે રાજા અને મહારાણીનનો રૂઆબ માર્ગ પર છલકાતો હોય છે પણ હાલમાં છુટ્ટા ની મગજ મારીએ વરઘોડિયાઓના ઉત્સાહના રંગમાં ભંગ જરૂર પાડ્યો છે.